# શેઠને મોટું પેટ



 એક હતા શેઠ. નામ ગટુરભાઈ. તેમને હતું મોટું પેટ. ગામનાં બાળકો માટે તો તે રમૂજ જેવું લાગે. પેલો પિન્ટુ કે પમી તેમની દુકાને જાય તો તેમના પેટ પર નજર નાંખે. હસી પડાય ખરું પણ શેઠને ખબર ન પડે તેમ હસવું ખાળી લે...કદાચ શેઠને ખોટું લાગે તો....   શેઠ તો ખૂબ જ સુખી. શેઠાણી ખૂબ જ ભલા. નામ તેમનું શાન્તાબહેન.  બે દીકરા. મોટો અને છોટો. છોટો વધુ હોશિયાર. ગટુરભાઈ શેઠની ઉંમર થઈ.  થયું, ‘લાવને, જાત્રાએ જાઉં. ને તેમણે શેઠાણી આગળ વાત મૂકી.   શેઠાણી સંમત થયાં.   દીકરાઓને વાત કરી.   બંનેની હા હતી.જાત્રાએ જવાનો દિવસ આવી ગયો.  શેઠનાં સગાંસંબંધીઓ અને આખું ગામ તેમને વિદાય આપવા ભેગું થયું. ગામનાં કેટલાંક છોકરાં પણ આવી ચડયાં હતાં.  કેટલાક હસતા હતા, શેઠ જોઈ કે સાંભળી શકે નહીં એમ.  શેઠથી દૂર જઈને કેટલાક બોલતા હતા,  ‘શેઠને મોટું પેટ, ઘણું મોટુ વેટ. સગાઓ આપે ભેટ, પહેર્યો છે જોને હેટ. ’ ને સાંભળનાર ખડખડાટ હસી પડતા. બાળરાજાઓને દુ:ખ હતું. એ વાતનું કે હવે શેઠ જાત્રાએ જશે, શેઠ જોવા નહિ મળે...શેઠને મોટું પેટ. છોટો સમજી જતો. બાપાનું પેટ એમાં મુખ્ય વિષય હતો.   ને બસ આવી. બધા યાત્રીઓ ઝટપટ બસમાં ચડ્યા. સિવાય શેઠ. તેઓ મહામહેનતે બસમાં ચડ્યા. શાન્તા શેઠાણીનું મોં પડી ગયું. બધાંએ આવજો-જજો કહ્યું. બસ ઉપડી.

યાત્રાના એક સ્થળે પહોંચી. બધાંએ ત્યાં દર્શન કર્યાં. પરંતુ શેઠથી બરાબર ચલાય નહિ. શેઠને મોટું પેટ. સાંજ પડી. બધાં જમ્યાં ને સૂઈ ગયાં.  શેઠાણીને ચિંતા થવા લાગી. તેમને ઊંઘ ન આવી. હવે શેઠથી એટલું બધું ચલાશે-કરાશે નહિ. શેઠને મોટું પેટ. જાત્રાએથી પાછા વળવાનું વિચાર્યું.

સવાર થયું. શેઠાણીથી શેઠને આવી વાત કેમ થાય ? તેમણે એક યુક્તિ કરી. કહ્યું, શેઠજી, હવે આપણે જાત્રાએથી પાછા જઈએ. મને આખા શરીરે દુ:ખાવો થાય છે. આખી રાત દુખ્યા કર્યું છે. ઊંઘ પણ નહોતી આવી. ' શેઠ સંમત થયા. બધા યાત્રિકોને વાત કરી. તેઓ જાત્રાથી પાછા ફર્યા. ઘરનાં બધાંને નવાઈ લાગી. છોટુ ચાલાક હતો. તેણે પૂછ્યું તો કશો જ ઉત્તર આપ્યો નહિ. શેઠાણી પણ મૌન. તે સમજી ગયો. છેવટે શેઠે કહ્યું, 'દીકરા, તારાં બાની તબિયત ઠીક લાગતી નથી. ' શેઠાણીએ આ વાતમાં સૂર પૂરાવ્યો.....આખા ગામે જાણ્યું કે શેઠ-શેઠાણી યાત્રાએથી પાછા ફર્યાં છે. ગામનાં બાળકોએ પણ જાણ્યું. તેમના માટે તો આનંદનો વિષય હતો. શેઠને મોટું પેટ.....ને દસેક દિવસ બાદ ગામમાં યોગશિબિર યોજાઈ. શિબિરના સંચાલકે યોગના ફાયદા અંગે જાહેરાતો કરી. શરીર જાડું હોય તેનું શરીર પ્રમાણસર થઈ જાય. પાતળું શરીર વધે ને પ્રમાણસર થાય.

શેઠને છોટાએ વાત કરી, 'બાપા, યોગશિબિરમાં જાઓ.'

શેઠને થયું, 'હવે આ મહાકાય શરીર કઈ રીતે ઓછું થાય ? ' તેમને આ વાત ગળે ઊતરી નહિ.

છોટો યોગશિબિરના સંચાલકને મળ્યો. બધી જ વાત કરી. તેણે તેમને તેના ઘેર આવવા વિનંતી કરી. ને સંચાલક શેઠના ઘેર ગયા. શેઠને 'યોગ' વિશે સમજાવ્યા. શેઠ નાછૂટકે સંમત થયા. ને બીજા જ દિવસથી શેઠ 'યોગશિબિર'માં જવા લાગ્યા. બીજા શિબિરાર્થીઓ હસે...શેઠને મોટું પેટ. શેઠને શરમ આવે પણ કરે શું ? શેઠની સાથે છોટુ પણ જાય. ને શેઠે યોગ કરવા માંડયા...સાત...આઠ દિવસ...ધીરે ધીરે શરીરનું વજન ઊતર્યું. તેમને પોતાને પણ સ્ફૂર્તિનો અનુભવ થયો. શેઠાણી તો ખુશ ખુશ.... પેટનો ઘેરાવો સારો એવો ઓછો થતો ગયો. પેલાં બાળકો પણ શેઠના પેટને જુએ. પેટ ક્યાં જતું રહ્યું હશે ? વિચારવા લાગ્યા. હવે તો 'શેઠને મોટું પેટ' એ શબ્દો બોલતા બંધ થયા. ને શેઠ તો દરરોજ વહેલા ઊઠે, યોગ કરે, વ્યાયામ કરે, ધ્યાનમાં પણ બેસે. મહિના-માસ જેટલો સમય વીત્યો. ને એક સવારે જ શેઠાણીએ ઘરનાં બધાંને જાત્રાએ જવાની વાત કરી. ને બધાંએ સંમતિ આપી. શેઠ-શેઠાણી જાત્રાએ ગયાં. શેઠને કોઈ જ શારીરિક તકલીફ પડી નહિ. પેલા યોગશિબિરના સંચાલકનો ખૂબ જ આભાર માન્યો. ને જાત્રા પતાવીને બંને ઘેર પાછા ફર્યાં. પેલો પિન્ટુ શેઠને જોઈને હરખાઈ ગયો. પૂછ્યું, 'દાદા, એક વાત પૂછું ?'

'દીકરા, ખુશીથી પૂછ' શેઠે કહ્યું.

'દાદા, ક્યાં ગયું તમારું પેટ ?
ઘટી ગયું કેટલું બધું વેટ ? '

ને શેઠ ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા, 'પિન્ટુ, આ તો યોગનું પરિણામ છે. ચમત્કાર જેવું લાગે છે ને દીકરા !'

ને શેઠની ખુશીનો પણ કોઈ જ પાર નથી!

લેખક : ગોવિંદ દરજી